| | |
|---|---|
| રજુ તારીખ | ૧૨/૩/૨૦૨૦ |
| દાખલ તારીખ | ૧૨/૩/૨૦૨૦ |
| ફેસલ તારીખ | ૦૯/૦૬/૨૨ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૧૭૧૮/૨૦૨૦**
**આંક**

અરજદાર:– ધર્મેશ ચંદ્રકાંત ગુર્જર, ઉવ.૪૦,

રહેવાસી: એ–૮૨, ચંદ્રવિહાર સોસાયટી, સુરેલીયા એસ્ટેટ,

વસ્ત્રાલ રોડ, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ જન્મ નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી ચેતન જે. શ્રીમાળી

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમન પુત્રી નામે ક્રિષ્ના ના જન્મ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમની પુત્રીનો જન્મ તારીખ :- ૨૫/૬/૨૦૧૭ ના રોજ અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના જન્મ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રકેર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ જન્મ ના દાખલાની જરુરીયાત શાળામા પ્રવેશના કામ સારુ જરુરત ઉપસ્થીત થતા હાલની અરજી તેમના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમનાજન્મની વિગતો આપેલ છે.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :- | ક્રિષ્ના ધર્મેશ ગુર્જર |
| જન્મ તારીખ | :- | ૨૫–૬–૨૦૧૭ |
| જન્મ સ્થળ | :- | એ–૮૨, ચંદ્રવિહાર સોસાયટી, સુરેલીયા એસ્ટેટ,વસ્ત્રાલ રોડ, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, અમદાવાદ. |
| પિતાનુ નામ | :- | ધર્મેશ ચંદ્રકાંત ગુર્જર |
| માતાનું નામ | :- | પ્રેમા ધર્મેશ ગુર્જર |

૨. આમ, અરજીમા જે તે વખતે અરજદાર તરફથી તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારની પુત્રીના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી

અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ

### -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ-મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | બાળ રસીકરણ કાર્ડ | ૫ |

### -: મૌખીક પુરાવો :-

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૭ |
| ૨ | પ્રેમા ધર્મેશ ગુર્જરની સરતપાસની એફીડેવીટ | ૮ |
| ૩ | રેખાબેન અરવિંદ ગુર્જર ની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૪ | વંદનાબેન કમલેશકુમા શરાધના ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |

અરજદારે પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી

તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક– ૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારની પુત્રીના જન્મની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક– ૫ થી રજુ બાળ રસીકરણ કાર્ડ રજુ થયેલ છે, જે દસ્તાવેજી પુરાવાથી અરજદારની પુત્રીના જન્મની જન્મ તારીખ :૨૫/૬/૧૭ ના રોજ થયેલ છે, અને તેની નોંધણી આ દસ્તાવેજોમા થયેલાનુ ફલિત થાય છે. આ કામે રજુ પુરાવા સામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલા નથી અને કાયદા મુજબ જન્મની નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક– ૭થી ૧૦ મુજબના સોગંદ ઉપરના પુરાવાની હકીકતે અરજદારની પુત્રીનો જન્મ તારીખ :–૨૫/૬/૧૭ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારની પુત્રીના જન્મની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | ક્રિષ્ના ધર્મેશ ગુર્જર |
| જન્મ તારીખ | :– | ૨૫–૬–૨૦૧૭ |

| | | |
|---|---|---|
| જન્મ સ્થળ | :– | એ–૮૨, ચંદ્રવિહાર સોસાયટી, સુરેલીયા એસ્ટેટ,વસ્ત્રાલ રોડ, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | ધર્મેશ ચંદ્રકાંત ગુર્જર |
| માતાનું નામ | :– | પ્રેમા ધર્મેશ ગુર્જર |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૬ /૨૦૨૨ (એસ. પી. પટેલ)

અમદાવાદ. ઈ.ચા. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૬, અમદાવાદ.

CODE NO GJ01123